For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે તંત્રની કડક કાર્યવાહી

ગોત્રી-સેવાસી કેનાલ રોડ પર પાલિકાનું 'મેગા ઓપરેશન' મટન-ચિકનની 20 દુકાનો પર બુલડોઝર ફેરવી દેવાયું

ગેરકાયદે દબાણોને કારણે સાંકડા બનેલા માર્ગો હવે ખુલ્લા શ્વાસ લેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરમાં ટ્રાફિક અને જાહેર માર્ગો પર થતા દબાણો સામે પાલિકાએ લાલ આંખ કરી છે. લાંબા સમયથી ગોત્રી-સેવાસી કેનાલ રોડ પર ખડકાયેલા ગેરકાયદેસર દબાણોને કારણે સ્થાનિકો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા હતા. આ મામલે મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખાએ કડક કાર્યવાહી હાથ ધરી 20 જેટલી મટન-ચિકનની દુકાનો અને અન્ય કાચા-પાકા શેડ તોડી પાડી રસ્તો ખુલ્લો કર્યો છે.

મળતી માહિતી મુજબ, પશ્ચિમ-ઉત્તર વિસ્તારમાં આવેલા ગોત્રીથી સેવાસી કેનાલ તરફ જતાં મુખ્ય માર્ગ પર બંને બાજુ માંસ-મટનનું વેચાણ કરતા લારી-ગલ્લા અને પાકા બાંધકામો વધી ગયા હતા. આ દબાણોને કારણે રસ્તો સાંકડો થઈ જતો હતો અને અસહ્ય ગંદકી તથા દુર્ગંધને કારણે રાહદારીઓનું નીકળવું મુશ્કેલ બન્યું હતું. આ બાબતે સ્થાનિક રહીશો દ્વારા અવારનવાર રજૂઆતો કરવામાં આવી હતી, જેને ધ્યાને લઈને પાલિકાના દબાણ નિરોધક દસ્તાએ પોલીસ પ્રોટેક્શન સાથે ઓપરેશન હાથ ધર્યું હતું.

કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસનો ચુસ્ત કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. જેસીબી મશીન દ્વારા મટન-ચિકન માર્કેટની 20 દુકાનો પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. દબાણ હટાવવાની આ કામગીરીને પગલે અન્ય દબાણકર્તાઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો. પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આ પ્રકારે ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

ટ્રાફિકની સમસ્યાથી મળશે છુટકારો

ગોત્રી-સેવાસી કેનાલ રોડ એ શહેરનો મુખ્ય વિકસિત વિસ્તાર છે. આ માર્ગ પર થયેલા ગેરકાયદે દબાણોને કારણે પીક અવર્સમાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી. 20 જેટલી દુકાનો હટાવ્યા બાદ હવે રોડ લાઈન ચોખ્ખી થઈ છે, જેનાથી વાહનચાલકોને મોટી રાહત મળશે અને વિસ્તારની સ્વચ્છતામાં પણ સુધારો જોવા મળશે.

શહેરનું મહતમ 31.8 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 21.4 ડીગ્રી નોંધાયું

શહેરમાં મોડી રાત્રે અને વહેલી સવારે અમી છાંટા, કેટલાક વિસ્તારોમાં કોરું કટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વેસ્ટર્ન ડિસ્ટરબન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ જેવી ત્રણ પ્રણાલીઓ સક્રિય થતા રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. મોડી રાત્રે અને વહેલી સવારે શહેરના કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. જ્યારે કેટલાક વિસ્તારોમાં કોરું કટ રહ્યું હતું. શુક્રવારે શહેરનું મહતમ તાપમાન 31.8 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 21.4 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 70% અને સાંજે 46% નોંધાયું હતું.

વડોદરામાં કેટલાક દિવસથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ગરમીનો પારો સતત બીજા દિવસે સ્થિર રહ્યો હતો. જ્યારે, ઠંડી વિદાય લઈ રહી છે. ગુરુવારે મહત્તમ તાપમાન 33 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 19.4 ડીગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ 71 ટકા અને સાંજે 30 ટકા નોંધાયું

હતું. રાજ્યમાં ફરી એકવાર કમોસમી વરસાદની શક્યતા ઊભી થઈ છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાત સહિત કેટલાક વિસ્તારોમાં માવઠાની આગાહી કરતા ખેડૂત વર્ગમાં ચિંતા ફેલાઈ છે. આગામી દિવસોમાં વાતાવરણમાં અચાનક ફેરફાર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. નિષ્ણાતોના મત મુજબ વેસ્ટર્ન ડિસ્ટરબન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ જેવી ત્રણ પ્રણાલીઓ સક્રિય થતા રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને કેટલીક જગ્યાએ સામાન્યથી મધ્યમ માવઠું પડી શકે છે. ખાસ કરીને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ઝાપટાં પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે, વડોદરા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી વાદળછાયુ વાતાવરણ સર્જાતા ખેડૂતો પણ ચિંચાતૂર થયા છે. એક તરફ હવામાન વિભાગ દ્વારા કેટલાક વિસ્તારોમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ત્યારે, ખેડૂતોમાં હાલ કેરીમાં મોર આવવાનો સમય હોય તેમજ ઘઉંના પાકમાં દાણા ભરવાની પ્રક્રિયા ચાલી રહી હોય જો માવઠું પડે તો પાકને મોટું નુકસાન થાય તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. ત્યારે, વડોદરા સહિત આસપાસના કેટલાક વિસ્તારોમાં મોડી રાત્રે અને વહેલી સવારે અમી અમી અમી છાંટા વરસ્યા હતા. જ્યારે, કેટલાક વિસ્તારોમાં કોરું કટ રહ્યું હતું.

ગોપી ખમણ અને પારસ પાન સહિતના 19 એકમો પર ચેકિંગ, હજારોનો દંડ વસૂલાયો

1.70 કિલો અખાદ્ય જથ્થાનો નાશ અને લાયસન્સ વગરના ડ્રાયફ્રૂટ યુનિટ સીલ કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગે શહેરના સમા-સાવલી રોડ અને સારાભાઈ કેમ્પસ ગોરવા વિસ્તારમાં ઓચિંતા ચેકિંગની કામગીરી હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન અનેક પ્રખ્યાત આઉટલેટ્સમાં ગંદકી અને નિયમોના ઉલ્લંઘન બદલ નોટિસ ફટકારવામાં આવી હતી.

આરોગ્ય વિભાગની બે ટીમો દ્વારા કરવામાં આવેલ આ કાર્યવાહીમાં કુલ 19 જેટલા ખાદ્યપદાર્થો સાથે જોડાયેલા એકમો (જેમાં 7 રિટેલર, 2 રેસ્ટોરન્ટ અને 10 હોકર યુનિટનો સમાવેશ થાય છે) પર ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન 3 યુનિટને 'શીડ્યુલ-4' મુજબની નોટિસ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત, ગંદકી અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવા બદલ વિવિધ ઓપરેટરો પાસેથી કુલ રૂ. 4000/- નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

એક રિટેલર યુનિટ પાસે ફૂડ લાયસન્સ જ નહોતું. લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે ચાલતા આ ડ્રાયફ્રૂટના યુનિટને પાલિકા દ્વારા તાત્કાલિક અસરથી બંધ કરાવી સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વારસિયા રિંગ રોડ પર મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાન દ્વારા 20 હોકર યુનિટોમાં વેચાતા હળદર પાવડર, મરચા પાવડર, તેલ અને કેચઅપ જેવા 30 જેટલા નમૂનાઓનું સ્થળ પર જ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એક્સપાયરી ડેટ વાળો 400 ગ્રામ ચીઝ, બ્રેડ અને પીઝા બેઝનો જથ્થો મળી આવતા તેનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. તેમજ લારીઓ પરથી અખાદ્ય કલરવાળા 200 ગ્રામ સોસનો પણ નિકાલ કરાયો હતો.

કઈ રીતે કાર્યવાહી?

નોટિસ ફટકારાઈ: શ્રીરામ આઈસ્ક્રીમ, હરિભોગ ફરસાણ અને ગોપી ખમણ જેવા એકમોને સ્વચ્છતાના અભાવે 'શીડ્યુલ-4' ની નોટિસ અપાઈ.

દંડ વસૂલાયો: પારસ પાન અને યુ.પી. સેન્ડવિચ જેવા એકમો પાસેથી સિંગલ યુઝ પ્લાસ્ટિક અને ગંદકી બદલ આકરો દંડ લેવાયો.

સીલિંગ: ફૂડ લાયસન્સ વગર ચાલતી 'કાન્હા ડ્રાયફ્રૂટ' ની દુકાનને કામગીરી બંધ કરવા આદેશ અપાયો.

નાશ: કુલ 1.70 કિલો જેટલા અખાદ્ય ખાદ્યપદાર્થોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો.

નોટિસ આપ્યા વિના પાલિકાએ મકાન તોડી પાડતા માલિક ધ્રૂસકે રડી પડ્યો

મકાન માલિકનો આક્ષેપ- 'કોઈ પૂર્વ જાણકારી વિના તોડફોડ કરી'

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આજે મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખા દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીને પગલે ભારે હોબાળો મચી ગયો હતો. તુલસીવાડી અને વિશ્વામિત્રી નદીના કિનારા પાસે આવેલા ફાગવેલ નગર નવી નગરીમાં એક મકાનનું બાંધકામ અટકાવી તેને તોડવાની કામગીરી શરૂ કરાતા માનવીય સંવેદનાના દ્રશ્યો સર્જાયા હતા. વર્ષોની મહેનતની કમાણીથી ઘર બનાવી રહેલા મકાન માલિક તંત્રની આ અચાનક કાર્યવાહી જોઈને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યા હતા.

મળતી માહિતી મુજબ, કારેલીબાગ વિસ્તારમાં વિશ્વામિત્રી નદીના કાંઠે દિલશાદ અહેમદ નામનો વ્યક્તિ પોતાના મકાનનું નવું બાંધકામ કરાવી રહ્યો હતો. જ્યારે મકાન પર સ્લેબ ભરવાની તૈયારીઓ ચાલી રહી હતી, ત્યારે જ વડોદરા કોર્પોરેશનની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે ત્યાં પહોંચી ગઈ હતી. તંત્રએ તાત્કાલિક અસરથી બાંધકામ અટકાવી દીધું હતું અને જે મકાનની દીવાલો ચણવામાં આવી હતી તેને તોડવાનું શરૂ કર્યું હતું. ભંગારની લારી ચલાવીને ગુજરાન ચલાવતા મકાન માલિકે રડતા રડતા જણાવ્યું હતું કે, "અમે ખૂબ જ મહેનત કરીને પૈસા ભેગા કર્યા હતા. વરસાદી પાણી ભરાતા હોવાથી અમે મકાન થોડું ઊંચું બનાવી રહ્યા હતા. કોર્પોરેશન દ્વારા અમને કોઈ પણ પ્રકારની નોટિસ આપવામાં આવી નથી. જો અમને પહેલા જાણ કરી હોત તો અમે આટલો ખર્ચ ન કર્યો હોત." સ્થાનિકોએ પણ આક્ષેપ કર્યો હતો કે ગરીબોને હેરાન કરવા માટે તંત્ર સીધું જ તોડફોડ કરવા પહોંચી જાય છે. બીજી તરફ, ઘટના સ્થળે હાજર કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ બાંધકામ વરસાદી પાણીના કાંસ અને વિશ્વામિત્રી નદીના કિનારે કરવામાં આવી રહ્યું હતું, જે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે.

ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબ સાઇટના વેપારીએ 7 ઓફિસ તથા વૃદ્ધે દુકાનો બુક કરાવી

મહાઠગ બિલ્ડર મનિષ પટેલ અને તેની પત્ની રૂપલ પટેલ દ્વારા વધુ બે લોકો સાથે રૂ.65.70 લાખની ઠગાઈ

બિલ્ડર દંપતીએ રૂપિયા પુરેપુરા વસૂલ કરી લીધા પરંતુ પજેશન નહી આપતા ગુનો દાખલ, બે દિવસમાં 4 ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

ન્યુ વીઆઈપી રોડ પર ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબ સાઈટમાં વેપારીને 7 ઓફિસો અને વૃદ્ધને દુકાનનું વેચાણ આપવાના બહાને તેમની પાસેથી રૂપિયા 67.70 લાખ રૂપિયા પડાવી લીધા હતા. પરંતુ મહાઠગ બિલ્ડર મનિષ પટેલ તથા તેની પત્ની રૂપલ પટેલ પજેશન નહી આપી દસ્તાવેજ પણ કરી આપતો ન હતો. જેથી બાપોદ પોલીસ સ્ટેશનમાં મહાઠગ બિલ્ડર દંપતી વિરુદ્ધ બંનેએ ફરિયાદ નોંધાવી છે.

મહાઠગ મનિષ પટેલ તથા તેની રૂપલ પટેલ સામે બે ફરિયાદ નોંધાઇ છે જેમાં એવી વિગત છે કે ખોડિયારનગર ચાર રસ્તા પાસે આવેલી સિધ્ધાર્થ નગર સોસાયટીમાં રહેતા કિશોર રામાકિશન સેન લેબના ઇન્સ્ટ્રુમેન્ટની સર્વિસનો ધંધો કરે છે. તેઓએ ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબમાં બિલ્ડર દંપતીને વર્ષ વર્ષ 2015માં મળ્યાં હતા ત્યારબાદ તેમની સાઇટમાં ઓફિસ નંબર 309,315 સુધી 7 જેટલી દુકાનો રૂપિયા 60 લાખમાં બુકમ કરાવી હતી અને વેપારી દુકાનો રૂપિયા 62.30 લાખ રોકડે તથા ચેકથી બિલ્ડર દંપતીને ચુકવી દીધા હતા. ઉપરાંત વધારાના રૂ. 2.30 લાખ વધારાના ચુકવ્યાં હતા. બિલ્ડર દંપતીએ વર્ષ 2019માં ઓફિસોના કામ પૂર્ણ કરીને દસ્તાવેજ કરી આપવાનું વાયદો કર્યો હત. પરંતુ વારંવાર કહેવા છતાં આ ઠગ દંપતીએ ઓફિસોનું જેસન આપતો ન હતો જેથી વેપારીએ દસ્તાવજે ના કરવો હોય અને પજેશન આ કરી આપવું હોય તો રૂપિયા પરત દો પરંતુ બિલ્ડર દંપતી રૂપિયા પરત નહી આપતુ ન હતું. જેથી વેપારીએ બિલ્ડર મનિષ પટેલ તથા તેની પત્ની રૂપલ પટેલ સામે ઠગાઇની ફરિયાદ નોંધાવી છે. તેવી જ રીતે ખોડિયારનગર વિસ્તારમાં સંગમપાર્ક સોસાયટીમાં રહેતા અને ગુજરાત મિનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (જીએમડીસી)માંથી નિવૃત જીવન ગુજારે છે. વૃદ્ધે ન્યુ વીઆઇપી રોડ પર આવેલી ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબ સાઇટમાં વર્ષ 2015માં દુકાન રૂપિયા 18 લાખમાં બુક કરાવી હતી અને બિલ્ડર દંપતીને રૂપિયા 5.40 લાખ રોકડે તથા ચેકથી ચૂકવી દીધા હતા. પરંતુ બિલ્ડર દુકાનનું પજેશન આપતો ન હતો કે વેચાણ દસ્તાવેજ પણ કરતો ન હતો જેથી વૃદ્ધે બિલ્ડર મનિષ પટેલ તથા રૂપલ પટેલ વિરુદ્ધ ઠગાઇની ફરિયાદ નોંધાવી છે. આરોપી બિલ્ડર મનિષ પટેલની ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે બિલ્ડરની પત્ની રૂપલની ધરપકડ બાકી છે.

બ્રિજ પરથી નીચે પટકાયો છતાં યુવકનો ચમત્કારીક બચાવ થયો

મે કોઇ આપઘાતનો પ્રયાસ કર્યો નથી, મને ખેંચ આવતા નીચે પડી ગયો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના અક્ષરચોક બ્રિજ પરથી નીચે કુદીને એક યુવકે આપઘાતનો પ્રયાસ કર્યો છે તેવો એક વીડિયો સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો. પરંતુ યુવકે બ્રિજ પરથી પડતુ મુક્યુ ન હતું પરંતુ તેને તેને ખેંચ આવી જતા તે બ્રિજ પરથી નીચે પટકાયો હોવાનું જણાવ્યું હતું. બ્રિજની ઉપરથી નીચે પડી ગયો હોવા છતાં સદનસીબે યુવકનો ચમત્કારીક બચાવ થયો હતો. યુવકે એસએસજી હોસ્પિટલમાં સારવાર કરી પરત ઘરે જતો રહ્યો હોવાનુ જાણવા મળ્યું છે.

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં રહેતો યુવક ગુરુવારના રોજ રાત્રીના સમયે બાઇક લઇને અક્ષર ચોક બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે યુવકે બ્રિજ પર બાઈક ઊભી રાખી હતી. દરમિયાન યુવકને અચાનક ખેંચ આવી જતા તેને ચક્કર આવવા લાગ્યા હતા અને તે બ્રિજ ઉપરથી નીચે પટકાઇ ગયો હતો. જેના પગલે આસપાસના લોકોના ટોળા ભેગા થઇ ગયાં હતા અને ઈજાગ્રસ્ત યુવકને 108 એમ્બ્યુલન્સને બોલાવી તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. રાત્રે 3 વાગ્યે સારવાર કર્યાં બાદ યુવકને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ઈજાગ્રસ્ત યુવક વંશ ચૌહાણે જણાવ્યું હતું કે, હું મારી ગાડી લઈને કલાલી ફાટક પાસે આવેલા મારા જૂના ઘરે જઈ રહ્યો હતો. બ્રિજ પાસે મને અચાનક તરસ લાગી હતી, જેથી પાણી પીવા ઊભો હતો. મેં મારા બૂટ ઉતારતા મને ચક્કર આવ્યાં હતા. મેં વિચાર્યું કે મોજો સુંઘવાથી કદાચ ઠીક જઈશ, પણ એ મોજો સુંઘવા જતાં બ્રિજ પરથી નીચે પડી ગયો હતો. યુવક ફતેગંજ વિસ્તારમાં રહેવા સાથે ઝોમેટોમાં ડિલિવરી બોય તરીકે કામ કરતો હોવાનું જાણવા મળ્યું છે.

ગ્રામ્ય એલસીબી પોલીસે લક્ષ્મીપુરા ગામ પાસેથી દારૂ ભરેલા ટ્રક સાથે ચાલકને દબોચી લીધો

હરિયાણાથી રૂ. 80.98 લાખનો વિદેશી દારૂનો જથ્થો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરથી ઝડપાયો

દારૂ અને ટ્રક મળી રૂપિયા 91.10 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

હરિયાણાથી રૂપિયા 80. 98 લાખનો વિદેશી દારૂનો જથ્થો આઈશર ટ્રકમાં ભરીને વડોદરા આપવા આવી રહેલા ચાલકને વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાંચે દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે ભરૂચ વડોદરા રૂટ પરથી ઝડપી પાડવામાં આવ્યો હતો. જેથી એલસીબીએ દારૂ અને ટ્રક સહિત રૂપિયા 91.10 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી માટે વડોદરા તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે.

ગ્રામ્ય એલસીબી પીઆઈ કે.આર. સિસોદીયા દ્વારા તેમની ટીમને વધુમાં વધુ વિદેશી દારૂના કેસો શોધી કાઢવાની

સાથે સાથે વિદેશી દારૂની હેરાફેરી કરતા બૂટલેગરો ઉપર વોચ રાખી ઝડપી પાડવા આદેશ જણાવ્યું હતું. જેથી એલસીબીની ટીમ ગુરુવારે સાંજથી વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં પેટ્રોલીંગની કામગીરી કરી રહી હતી. દરમ્યાન એલસીબી ટીમ ને બાતમી મળી હતું કે, એક આઈસર ટ્રકમાં વિદેશીદારૂનો જથ્થો ભરીને ભરૂચ તરફથી આવી આવી રહ્યો છે.

જે બાતમી આધારે એલસીબી ટીમ દ્વારા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર ભરૂચથી વડોદરા તરફની ટ્રેક ઉપર લક્ષ્મીપુરા ગામે બ્રીજથી 200 મીટરના અંતરે ભાયલી તરફ આઈશર ટ્રકની વોચ ગોઠવી હતી. દરમીયાન બાતમીવાળી આઈશર આવતા તેને એલસીબીએ ટ્રકને ઝડપી પાડી હતી. ત્યારે આઈશર ટ્રકમાં ડ્રાઈવર એકલો બેઠેલો હતો. જેનું નામ પુછતા શિન્દરપાલસિગ ચંદસિંગ જટ (હાલ રહે.પુષ્પ નારાયણ કોમ્પલેક્ષ, વિચુમ્બે, દેવદ પો-ઓ એન.જી.સી. તા.પનવેલ જી.રાયગઢ મહારાષ્ટ્ર તથા મુળ રહે.ફીરોજપુર પંજાબ) નો હોવાનું જણાવ્યું હતું. તેને સાથે રાખી આઈશર ટ્રકનો પાછળનો દરવાજો ખોલી તપાસ કરતા 80.98 લાખનો વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી વિદેશી દારૂ તથા આઇસર ટેમ્પો 10 લાખ તથા મોબાઇલ ફોન-1 તથા રોકડા રૂપીયા મળી રૂ.91.10 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

એલસીબી દ્વારા ઝડપાયેલા ડ્રાઇવરને વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી ભરી લઈ આવ્યો હતો અને કોને આપવાનો હતો તે બાબતે પુછપરછ કરતા વિજય ચોધરી (રહે.હરીયાણા સાજાપુર) એ કોઈ માણસ મારફતે હરીયાણાના બાદલી પાસે આવેલા ફુકરાપુર ટોલનાકા ઉપરથી વિદેશી દારૂ ભરેલી આઈશર ટ્રક આપેલી હતી અને આ વિદેશી દારૂ ભરેલ ટ્રક વડોદરા ખાતે લઈ જવાનું જણાવ્યું હતું.

ભાયલીમાં રોડની કામગીરી દરમિયાન ગેસ લાઈન ફાટી, સ્થાનિકોમાં અફરાતફરી

ડી-માર્ટ પાસે અચાનક ગેસ ગળતર થતા લોકોના જીવ તાળવે ચોંટ્યા, કલાકો સુધી પુરવઠો ખોરવાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરમાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે ફરી એકવાર કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે મોટો અકસ્માત સર્જાતા રહી ગયો છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ભાયલી ગામ પાસે ડી-માર્ટ નજીક રોડ બનાવવાની કામગીરી દરમિયાન ગેસની મુખ્ય લાઈન ફાટતા સમગ્ર વિસ્તારમાં ગભરાટનો માહોલ ફેલાયો હતો. કોન્ટ્રાક્ટર દ્વારા પૂરતી સાવચેતી રાખ્યા વિના કરવામાં આવતા ખોદકામને કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ભાયલી ડી-માર્ટ પાસે છેલ્લા કેટલાક સમયથી રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આજે કામગીરી દરમિયાન જેસીબી દ્વારા

ખોદકામ કરવામાં આવી રહ્યું હતું, તે સમયે જમીનમાં રહેલી વડોદરા ગેસ લિમિટેડની લાઈનમાં મોટું પંચર પડ્યું હતું. ગેસ લાઈન ફાટતા જ અચાનક મોટા અવાજ સાથે ગેસ ગળતર શરૂ થયું હતું. ધોળે દિવસે બનેલી આ ઘટનાને પગલે આસપાસના રહીશો અને વાહનચાલકોમાં નાસભાગ મચી ગઈ હતી.

ગેસ ગળતરની જાણ થતા જ વડોદરા ગેસ લિમિટેડનો ટેકનિકલ સ્ટાફ અને અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મોટી જાનહાનિ ટાળવા માટે તકેદારીના ભાગરૂપે સમગ્ર વિસ્તારનો ગેસ પુરવઠો તાત્કાલિક અસરથી 2 કલાક બંધ કરી દેવામાં આવ્યો હતો.

હોસ્પિટલના તંત્રમાં દોડધામ, દર્દીઓની સુવિધા અને મેડિકલ સ્ટાફની કામગીરીનું થશે બારીકાઈથી નિરીક્ષણ

SSGHની ગુણવત્તાની કસોટી : NABH દ્વારા 3 દિવસીય સર્વેનો પ્રારંભ

NABH ટીમે સુપરિટેન્ડન્ટ અને વિવિધ વિભાગના વડાઓ સાથે પ્રાથમિક બેઠક યોજી

(પ્રતિનિધિ), વડોદરા. તા.20

મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલ (SSG) હવે આંતરરાષ્ટ્રીય સ્તરના માપદંડો ધરાવતી હોસ્પિટલોની યાદીમાં સામેલ થવા તરફ ડગ માંડી રહી છે. નેશનલ એક્રિડિએશન બોર્ડ ફોર હોસ્પિટલ (NABH)ની ટીમ દ્વારા આજે સવારથી હોસ્પિટલ ખાતે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. આગામી ત્રણ દિવસ સુધી ચાલનારા આ સર્વે બાદ જો હોસ્પિટલ સફળ થશે, તો તેને પ્રતિષ્ઠિત NABH સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. NABHનું સર્ટિફિકેટ મેળવવા માટે હોસ્પિટલનું તંત્ર છેલ્લા ઘણા સમયથી એક્શન મોડમાં હતું. હોસ્પિટલના મેડિકલ સુપરિટેન્ડન્ટ દ્વારા છેલ્લા ઘણા દિવસોથી સતત વિવિધ વિભાગોની મુલાકાત લેવામાં આવી હતી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાફ-સફાઈ, મેડિકલ વેસ્ટનો નિકાલ, અને દર્દીઓ સાથેના વ્યવહાર જેવા પાસાઓ પર ખાસ ધ્યાન આપીને ખામીઓ સુધારવામાં આવી હતી. આજે સવારે જ્યારે NABHની ટીમ હોસ્પિટલ પહોંચી ત્યારે સુપરિટેન્ડન્ટ અને વિવિધ વિભાગના વડાઓ સાથે પ્રાથમિક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક બાદ ટીમને અલગ-અલગ ગ્રુપમાં વહેંચી દેવામાં આવી છે.

SSG હોસ્પિટલમાં NABHના 'મેકઅપ' વચ્ચે વરવી વાસ્તવિકતા, દર્દીના સગાં સ્ટ્રેચર ખેંચવા મજબૂર

NABH ની ટીમની આજે મુલાકાત છે ત્યારે હોસ્પિટલ પ્રશાસન દ્વારા ઉતાવળે સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, જે કામો હજુ અધૂરા છે અથવા જ્યાં ગંદકી છે, તેને લીલા કપડાં (ગ્રીન નેટ) લગાવીને ઢાંકી દેવામાં આવ્યા છે. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે આ વિકાસ છે કે માત્ર મુલાકાતી ટીમને ગેરમાર્ગે દોરવા માટેનો 'મેકઅપ' ? અધૂરા બાંધકામોને ઢાંકવાથી સમસ્યા ઉકેલાતી નથી, પરંતુ માત્ર નજરથી દૂર થાય છે. સૌથી મોટો પ્રશ્ન એ ઉભો થાય છે કે કરોડોનું બજેટ ધરાવતી હોસ્પિટલમાં દર્દીના સગાએ સ્ટ્રેચર કેમ ખેંચવું પડે છે? સુપ્રીટેન્ડેન્ટ ડો.રંજન ઐયરે અગાઉ હોસ્પિટલનું નિરીક્ષણ કરી સ્ટાફની 'ખખડામણી'ની કરી હતી તેની કોઈ ખાસ અસર જોવા મળી રહી નથી.

કારેલીબાગ, પાણીગેટ અને હવે વારસીયા વિસ્તારમાં મોડી રાત્રીને ખેલ પાડ્યો

હરણી વારસિયા રિંગ રોડ પર BSNLના રૂ.90 હજારના 450 ડિસ્ટ્રીબ્યુશન મોડ્યુલ્સની ચોરી

પોલીસ તંત્ર નાઇટ પેટ્રોલિંગના નાઇટ પેટ્રોલિગ પર અનેક સવાલ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

છેલ્લા કેટલાક દિવસોથી અલગ અલગ વિસ્તારોમાં બીએસએનએલ કંપનીના ટેલીફોન ડિસ્ટ્રીબ્યુશન મોડ્યુલ્સની મોટી ચોરીના બનાવો બની રહ્યાં છે. કારેલીબાગ, પાણીગેટ અને હવે વારસીયા વિસ્તારમાં બીએસએનલના રૂપિયા 90 હજારના 450 ડિસ્ટ્રીબ્યુશન મોડ્યુલ્સની ચોરી થતા અનેક સવાલો થઈ રહ્યા છે. સીસીટીવી કેમેરા હોવા છતાં આરોપીઓ રાત્રીના સમયે ખેલી પાડી જતા હોય પોલીસ પેટ્રોલિંગ લીરેલીરા ઉડી રહ્યાં છે.

પાણીગેટ ટેલીફોન એક્સચેન્જના સબ ડિવિઝનલ એન્જિનિયર કમલેશભાઈ ઈશ્વરભાઈ મકવાણાએ વારસીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યાં મુજબ વારસીયા, આર.ટી.ઓ. સર્કલ, ગધેડા માર્કેટ, પાણીગેટ, મહાવીર હોલ ચાર રસ્તા, ઉમા ચાર રસ્તા, કલાદર્શન, વૃંદાવન ચાર રસ્તા, તક્ષશીલા સોસાયટી સહિતના વિસ્તારો તેઓના તાબા હેઠળ આવે છે. આ વિસ્તારોમાં ટેલીફોન સેવા માટે લોખંડની પેટી (પિલર)માં 100 ડિસ્ટ્રીબ્યુશન મોડ્યુલ્સ લગાવવામાં આવ્યા છે. ગત 27 જાન્યુઆરીએ સવારે અગિયાર વાગ્યાની આસપાસ ગ્રાહકોની અનેક ફરિયાદો મળી કે અચાનક ટેલીફોન નેટવર્ક બંધ થઈ ગયું છે. જેથી બીએસએલની ટીમ વારસીયા વિસ્તારના વિવિધ પિલર તપાસ્યા હતા. જેમાં જુના આરટીઓ સર્કલ પાસે એસએસડી ડિસ્પોઝલ પ્લાસ્ટિક દુકાન પાસેના પિલરમાં એક પણ મોડ્યુલ મળ્યું નહીં. ગણેશનગર સોસાયટી પાસેના પિલરમાં પણ કોઈ મોડ્યુલ નહોતું. મોતીનગર ત્રણ રસ્તા પાસે નવજીવન પ્રસૂતિગૃહ આગળના પિલરમાં આશરે 50 મોડ્યુલ્સ ગુમ હતા.4 ફેબ